# ધોરણ - ૧૦

## વિષય – ગુજરાતી

## સ્વાધ્યાય

### પાઠ – ૨૩

## લઘુકાવ્યો: દુહા–મુક્તક–હાઈકુ



વિદ્યાર્થીનું નામ :

શાળાનું નામ :





શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



# લઘુકાવ્યો : દુહા - મુક્તક - હાઈકુ

## મુક્તક

1. કવિ :- રઈશ મણિયાર
જન્મ :- 19-08-1966

વતન :- વલસાડ પાસેનું પારડી ગામ
નોંધપાત્ર કૃતિ :- 'કાફિયા નગર', 'શબ્દ મારા સ્વભાવમાં જ નથી' અને 'નિહાળતી મ'
વિવેચનના ગ્રંથો :- 'અસ્તિત્વ અને વ્યક્તિત્વ', 'ગઝલ : રૂપ અને રંગ', 'ગઝલનું છંદોવિધાન'
બાળઉછેરનું નોંધપાત્ર પુસ્તક : બાળ ઉછેરની બારાખડી

2. કવિ :- બરકત વીરાણી 'બેફામ'
જન્મ :- 25-11-1923
મૃત્યુ :- 02-01-1994

'બેફામ'નું મૂળ નામ બરકતઅલી ગુલામહુસેન વીરાણી હતું.
વતન : ભાવનગર જિલ્લાના ઘાંઘળી ગામના વતની હતા.
ગઝલ સંગ્રહો : 'માનસર ઘટા' અને 'પ્યાસ'
નવલકથાઓ : 'રસ સુગંધ ભાગ-1 અને ભાગ-2'
પ્રકાશિત થયેલી વાર્તાઓ : 'આગ અને અજવાળા' તથા 'જીવતા સૂર'

## હાઈકુ

1. કવિ :- મુરલી ઠાકુર
જન્મ :- 1910
મૃત્યુ :- 1975

વતન :- સાબરકાંઠા જિલ્લાના ઉમેદગઢ
કાવ્યસંગ્રહો :- 'મકર અને બાલકાવ્યો'
બાળગીતોનો સંગ્રહ : 'મેળો'

Scanned with OKEN Scanner

Page No.
DATE: / /

...ઓ ગ્રંથસ્થ :- 'પ્રેમલ જ્યોત'
અભ્યાસ ગ્રંથ :- 'ગાંધીવાણી'

2.

કવિ :- અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ
જન્મ :- 11 - 11 - 1937
મૃત્યુ :- 31 - 07 - 1981

નામ :- અનિરુદ્ધ લાલજીભાઈ બ્રહ્મભટ્ટ
વતન :- વીરગામ પાસેનું હેત્રોજ
-> કવિ, વિવેચક, વાર્તાકાર અને નિબંધકાર તરીકે જાણીતા છે.
કાવ્ય સંગ્રહ : 'કિમપિ'
વાર્તાસંગ્રહ : 'અજાણ્યું સ્ટેશન'
ચરિત્ર નિબંધો : 'નામરૂપ'
-> 'ઋષિવાણી' નામના ગ્રંથમાં અધ્યાત્મક અને ચિંતન વિષયક લેખો છે.
-> 'ચલ મન વાટે - ઘાટે' ના ચાર ભાગમાં તેમની નિબંધિકાઓ પ્રગટ થયેલી છે.

## દુહા

1. કુલદીપક થાવું કઠિન, દેશદીપક દુર્લભ,
જગદીપક જગદીશના, અંશો કોક અલભ્ય.

2. આવ નહીં, આદર નહીં, નહીં નયનમાં નેહ,
તે ઘર કદી ન જઈએ, કંચન વરસે મેહ.

## મુક્તક

1. સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલ ઇમારત એના નકશામાં નથી હોતી.
-બરકત વિરાણી 'બેફામ'

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com
Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



2. ચોતરફ જગતમાંય દાહ ન હો,
મુખ એ દુઃખનો કોઈ પ્રકાર ન હો;
એવો કોઈ મુગટ બન્યો જ નથી,
જેનો માથે જરાય ભાર ન હો
-રઈશ મણિયાર

## હાઈકુ

1. બોરકું નાનું
મુરજનો ઉજાસ
મોટું આંગણું
-મુરલી ઠાકુર

2. દીપ હોલવું,
થશે અંધારું; અરે!
બારીમાં ચંદ્ર!
- અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

## શબ્દ-સમજૂતી

દુર્લભ - મુશ્કેલીથી મળે તેવું, દુષ્પ્રાપ્ય
અંશી - જેનો તે ગોકડમ અંશ છે તેવું
મેહ - વરસાદ, મેઘ
જગત - વિશ્વ
મુગટ - તાજ (અહીં) સત્તા, જવાબદારી
ભાર - બોજ
આંગણ - ઘરના બારણા સામેની ખુલ્લી જગ્યા, ફળિયું

## તળપદા શબ્દો

કો - કોઈક
નેહ - સ્નેહ
ઠોલાવું - ઠેલવવું

## વિરુદ્ધાર્થી શબ્દો

દુર્લભ x સુલભ
આદર x અનાદર

## સ્વાધ્યાય

1) કવિ ક્યાં જવાની ના પાડે છે ?
→ આવકારો ન મળે ત્યાં

2) શું બનવું દુર્લભ છે ?
→ દેશદીપક

1) કવિની દૃષ્ટિએ ભારવાળો મુગટ એટલે શું ?
કવિની દૃષ્ટિએ ભારવાળો મુગટ એટલે જવાબદારીવાળો મુગટ.

1) મુરલી ઠાકુરને આંગણું મોટું શા માટે લાગે છે ?
ઓરડું નાનું છે, બહાર નભનું આંગણું છે. સૂર્યનો ઉજાસ ચારે બાજુ ફેલાય છે. કવિની ચેતના એ ઉજાસને ઝીલે છે. ચેતના સ્વયં વિસ્તાર પામે છે, તેથી ઓરડાની બહારનું આંગણું કવિને મોટું લાગે છે.

Page No.
DATE: / /

4. 1) પ્રથમ મુક્તકમાં કવિ કઈ વાતની ચેતવણી આપે છે? વિસ્તારથી સમજાવો.

પ્રથમ મુક્તકમાં કવિ એ વાતની ચેતવણી આપે છે કે જગતમાં કદી હાર ન હોય અને સુખ એ દુઃખનો કોઈ પ્રકાર જ ન હોય એમ માનવું નહિ. માનવીનું જીવન એક ગતિશીલ ચાકડા જેવું છે. એની સાથે હાર અને જીત તથા સુખ અને દુઃખ સંકળાયેલાં છે. જગતમાં એવો કોઈ મુગટ બન્યો જ નથી જેને માથા પર મૂકતાં એનો ભાર ન લાગે. એટલે જેના માથે મુગટ હોય તેના માથે અનેકગણી જવાબદારી હોય છે. એ જવાબદારી એણે નિભાવવી જ પડે છે. મુગટ કાંઈ માત્ર શોભા માટે નથી.

2) પંક્તિઓ સમજાવો.

"સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલ ઈમારત એના નકશામાં નથી હોતી."

આ પંક્તિઓમાં કવિએ હાથમાં દેખાતી રેખાઓના આધારે જીવનમાં સફળતા શોધવાનો પ્રયત્ન કરતા પ્રારબ્ધવાદીઓ ઉપર કટાક્ષ કર્યો છે. જગતમાં અનેક માણસો એવા છે એમ માને છે કે પ્રારબ્ધ (નસીબ) માં સુખ, સમૃદ્ધિ, સફળતા લખાયાં હશે તો મળશે. તેઓ ભાગ્યોદયની રાહ જોતા નિષ્ક્રિય બેસી રહે છે. તેમની આ સંકુચિત વિચારસરણીને પડકારતાં કવિ કર્મનું અને પુરુષાર્થનું મહત્ત્વ સમજાવે છે. જેમ કોઈ આર્કિટેક્ટે કોઈ ઈમારત બાંધવા માટે નકશો દોરી આપ્યો, પણ એ નકશો કાંઈ રહેવા માટેની ઈમારત બની જતી નથી. ઈમારત બનાવવા માટે એનું ચણતર કરવું પડે છે. એ માટે પુરુષાર્થ કરવો પડે છે. કેવળ હસ્તરેખા પર ભરોસો રાખીને બેસવાથી સાચી સફળતા મળતી નથી.

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com
Scanned with OKEN Scanner

# HIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી ૩. ટીચર હેલ્પ ડેસ્ક

**ટીચર** – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



**વિદ્યાર્થી** – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

**ટીચર હેલ્પ ડેસ્ક** – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION